સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

હાઈકુ

સત્તા માટે રમત રમે કાળી, આ ચૌદશ!
ને શહીદોના લોહીથી છે કાળી, આ ચૌદશ!
ચોરી, લૂંટ, ને કૌભાંડોથી કાળી આ ચૌદશ!
રક્ષા કરે શ્રી હનુમાનજી, કાળી આ ચૌદશ!

ઉગી ને ઊભી,
આતંક ના ઓથારે -
કાળી ચૌદશ...

બેઠી પનોતી,
વિશ્વ યુદ્ધ ઉંબરે
કાળી ચૌદશ...

ચિંતન

य: परस्य विषमं विचिन्तयेत्प्राप्नुयात्सकुमति: स्वयं हि तत् ।
पूतना हरिवधार्थ मायचौ प्राय सैव वधमात्मन स्तन: ॥

આ શ્લોક સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ - નામે 'સામાન્ય નીતિ' માંથી લેવામાં આવ્યો છે. આ શ્લોકનો સાર ભાગ અર્ક એક આપણા ગુજરાતી કહેવત મુજબ છે 'ખાડો ખોદે તે જ હંમેશાં એમાં પ્રથમ પડે છે.'

જે કુત્સિત બુદ્ધિવાળો અને સદાય બીજાનું અહિત વિચારનારો - નકારાત્મક વલણ ધરાવનારો ખરાબ વ્યક્તિ જેનું જે વિશે કંઈ બાબતે 'ખરાબ' ઈચ્છે તો પ્રથમ એ ખરાબ પરિણામ એને જાતે જ ભોગવવાનું થાય છે.

રાક્ષસી પૂતના બાલકૃષ્ણ ભગવાનનો વધ કરવા સ્તનો પર ઝેર લગાડીને તેમને સ્તનપાન કરાવવા ગઈ, પરંતુ ભગવાને દૂધની સાથે તેના પ્રાણ પણ ચૂસી લીધા અને મૃત્યુ પામી.

સુવિચાર

- સત્સંગ અને સદુપદેશ એ બેવ સદ્‌ગુરુના સ્નાયુઓ છે - **જનકલ્યાણ**
- વૃક્ષ, સમુદ્ર, પર્વત, નદી કે કુવાથી આ ધરતીને ભાર નથી લાગતો.. પણ પાસે હોવા છતાંય બીજાને આપવા માટે હૃદય નથી એવા માણસોથી જ પૃથ્વીને ભાર લાગે છે - **સુભાષિત**
- રાજકારણીઓ આગામી ચૂંટણીને ધ્યાનમાં રાખે છે
  જયારે રાજ પુરુષો આગામી પેઢીને ધ્યાનમાં રાખે છે - **મોરારિ બાપુ**
- વિજય અને હાર એ પ્રકૃતિનો નિયમ છે, જિંદગી અને જગતને ત્યાં સુધી કાયમ આજ નિયમ છે - **હરીન્દ્ર દવે**
- જયારે વાઈફ કરતાં વાઈફાઈને અને પતિ કરતા 'પોસ્ટ'ને વધારે મહત્ત્વ અપાય છે ત્યારે લાઈફનું નેટવર્ક ગેટાળો ચડે છે - **ફુલછાબ**
- કિસી શાયરને કહા, સુન લે ઝમાને વાલે, દોસ્ત હોતે નહીં સબ હાથ મિલાનેવાલે - **એસ.એમ.એસ.**
- 'સારો' માણસ જેને પ્રેમ કરે તેને પરણે છે...
  જયારે 'સુખી' માણસ જેને પરણે છે તેને પ્રેમ કરે છે - **નોર્મન વિન્સેંટ પેઈલ**
- આજનું ઔષધ : તાંદળજાની ભાજી ખાવાથી વાળ વધે છે **(સંકલન : દિપક વી. આસરા)**

બોધકથા

આપણે, આપણા રાજો, સેનાની શક્તિ બળ અને શહીદી વટાવી યશ અને કીર્તિ એકત્ર કરી લેવામાં કાબેલ હોઈએ છીએ. સેનાની શક્તિ મૌનમાં છે.

ચીનનું રાજ યાંપિંગ અને તેના રાજાનું નામ લિયંગ, તે ખૂબ બાહોશ-બુદ્ધિશાળી અને ધીરજવાન હતો. તેની પોતાની સેના મોટી હતી પણ ત્રણ દિવસના અંતરે દૂર કેમ્પમાં હતી.

પડોશના રાજાએ ચૂપચાપ ચડાઈ કરી - સેનાને આવતાં વાર થાય. રાજા લિયંગે પ્રજાને પોતા-પોતાના ઘરમાં જ ગભરાટ વિના, શાંતિથી રહેવા સૂચના આપી - પોતે આરામ ખૂરશી નાખી શહેર બહાર શાંતિથી બેઠો.

દુશ્મનના સેનાપતિને શહેરની અભૂતપૂર્વ શાંતિ અને રાજાની નિરાંત જોઈ મૂંઝણવ થઈ - વિચાર્યું સેના તો દેખાતી નથી કદાચ લોકોના ઘરમાં જ હશે. આપણી સેના જેવી શહેરમાં પ્રવેશ કરશે ને હુમલો થશે - આ બીક અને કલ્પના કરી સેનાને પરત લઈ ગયો.

રાજાની ઠરેલ અને પક્વ બુદ્ધિના સૌ એ વખાણ કરી ધન્યવાદ આપ્યા.

કાળી ચૌદશ : સાધનાનું પર્વ

આજે દીપોત્સવી પર્વની 'કાલરાત્રી' - કાળી ચૌદશ. શિવરાત્રી, મહારાત્રી અને કાલરાત્રી - દરેકનું પોતપોતાની રીતનું અલગ મહત્ત્વ છે. શિવરાત્રી શિવની ઉપાસનાનું પર્વ છે, મહારાત્રી કે મોહરાત્રી અર્થાત્ જન્માષ્ણીની રાત એ શ્રી કૃષ્ણની ઉપાસનાની રાત્રી છે : જેલના દરવાજા આપોઆપ ખૂલી ગયા, કંસના ચોકીદારો ઊંઘી ગયા અને આરામથી વસુદેવ એમના આઠમા પુત્રને માથે ઊંચકી યમુના પાર નંદબાવાને ઘેર પહોંચી ગયા. ત્યાં જશોદાની કૂખે જન્મેલી બાળાને લઈને પાછા ફર્યા તો પણ દરવાનો ઘેનમાં જ રહ્યા! કાલરાત્રી એ કાપાલિકો અને સાધકોની રાત્રી છે. અઘોરપંથીઓ સ્મશાનમાં સાધના કરે છે, આપણા જેવા સામાન્ય લોકો હનુમાનજીનાં દર્શન કરી કૃતાર્થ થાય છે. ગાંધીનગરની નજીક આવેલા ડભોડાના હનુમાનજીનાં દર્શન માટે તો મેળો જામે છે. એટલું બધું તેલ ચડે છે એને ચોખ્ખું કરીને ઉપયોગમાં લેતાં મંદિર ટ્રસ્ટને લાખોની આવક થાય છે. રૂપાલની પલ્લીમાં ઢોળાતા ઘી કરતાં ડભોળાના હનુમાનજીને ચડતા તેલનો વધુ સમજણપૂર્વક વિનિયોગ થાય છે. કાળી ચૌદશે મહુડીના ઘંટાકર્ણ વીરનાં દર્શનનો પણ જબરો મહિમા છે. વિજાપુરના પાટીદાર બહેચરદાસ પટેલે જૈનાચાર્ય પાસે દીક્ષા લીધી અને સમય જતાં પોતે બુદ્ધિસાગર મહારાજ સાહેબ તરીકે પ્રસિદ્ધ થયા. એમની કલ્પનાના વીર તે મહુડી-મધુપુરી તીર્થના ઘંટાકર્ણ વીર. જાગતા જોગંદર! સિદ્ધ પુરુષોની કલ્પના પણ કેટલી ભવ્ય હોય છે એનું નેત્રદીપક ઉદાહરણ. કાળી ચૌદશે ઘરમાંથી કકળાટ કાઢવા માટે તળેલી ચીજવસ્તુઓ - વડાં વગેરે ખાવાનો રિવાજ છે. તો વળી ગામડાંમાં કાળી ચૌદશે આંખમાં આંજનનો પણ મહિમા છે : 'કાળી ચૌદશનાં આંજ્યા, કોઈના ના જાય ગાંજ્યા' - એ લોકોક્તિ અમથી નથી પડી. એની પાછળ દીપોત્સવી પર્વની આ વિશિષ્ટ કડીની ઉર્જા પ્રત્યે લોક સમુદાયમાં પ્રવર્તતી શ્રદ્ધાનો રણકો છે. દંતકથા છે કે કાળી ચૌદશે મહાભારતના યુદ્ધનો પ્રારંભ થયો હતો. પરિણામ શું આવ્યું તે સર્વવિદિત છે. મહાવિનાશ! એથી એક જ દિવસ અગાઉની ધનતેરશને વણજોયું શુભમુહૂર્ત ગણી તમામ પ્રકારનાં શુભકાર્યોના આરંભ માટેના સપરમા પર્વનું ગૌરવ સાંપડ્યું છે, જયારે પછીના દિવસે આવતી કાળી ચૌદશ અપશુકનિયાળ ગણાય છે. જનમાનસમાં ઘૂસી ગયેલી આ અવૈજ્ઞાનિક માન્યતા સામે રેશનાલિસ્ટો પોતાની રીતે પડકાર ફેંકતા રહ્યા છે. ધર્માચાર્યોમાં પણ સચ્ચિદાનંદજી જેવા મહાત્મા

તંત્રીસ્થાનેથી...

બરાબર કાળી ચૌદશના જ દિવસે આશ્રમના મંદિરનું ખાતમૂહૂર્ત રાખે છે, જેથી લોકો અંધશ્રદ્ધાથી બચે. જોકે પરંપરાગત માન્યતાઓમાંથી મુક્ત થવું ઘણું અઘરું છે. આ દીપોત્સવી પર્વનો પ્રારંભ છેક ત્રેતાયુગથી થયો છે - ભગવાન રામચંદ્રજી લંકાવિજય કરીને અયોધ્યા પહોંચ્યા તે દિવસે અયોધ્યાવાસીઓએ આખા નગરમાં દીપમાળા પ્રગટાવી ત્યારથી દિવાળીનો ઉત્સવ શરૂ થયો હોય તો સ્વાભાવિક રીતે કાળક્રમે એમાં ઘણા સુધારાવધારા અને ઉમેરા-ઘટાડા થતા જ રહ્યા હશે. કાળી ચૌદશ માટે 'નરક ચતુર્દશી' જેવો પર્યાય પણ પ્રચલિત છે. નરકાસુરને હણીને એણે કેદ કરેલી રાજકુમારીઓને છોડાવી લાવનાર ભગવાન કૃષ્ણના પરાક્રમ દિવસ તરીકે પણ એને ઘટાવી શકાય. આપણા અવતારી મહાપુરુષોને 'ભગવાન' નું પદ અમસ્તું નથી મળ્યું. પ્રજાએ એમના વિશિષ્ટ વ્યક્તિત્વ, ચરિત્ર અને પરાક્રમને ધ્યાને લઈને એમને પૂજનીય ગણ્યા છે. 'ભગવાન' બનવા માટે એમને કેટલો મોટો ભોગ આપવો પડ્યો છે! કૃષ્ણ ક્રાંતિપુરુષ હતા. એ તમામ ઓશિયાળી, ભ્રષ્ટ થયેલી સ્ત્રીઓને પત્નીનો દરજ્જો આપીને કૃષ્ણ કેવડી મોટી ક્રાંતિ કરી હતી!

વિદેશી પત્રકારનો બાપુને સવાલ તમારી પ્રતિજ્ઞાનો ભંગ થાય છે ખરો?

ગાંધીજી કોઈ ઘટના કે પોતાના વકતવ્ય વિચાર બાબતે આમ સામાન્યની કોઈ સમજણ ભૂલ થતી હોય અને એ જો પ્રતિજ્ઞાભંગ સમાન જણાય (સમાજને) તો પણ પોતાના વિશે ખોટું વિચારશે અથવા પોતાનું ખરાબ લાગશે એવી ભીતી રાખ્યા વિના જે યોગ્ય હોય તે મુજબ જ વર્ત્યા હતા.

ગાંધીજીનો પ્રત્યુત્તર : ધ્યેય માટે લીધેલી પ્રતિજ્ઞામાં ધ્યેયને આગળ વધારવા માટે તે મને રોકતી નથી

દાંડીકૂચ વખતે ગાંધીજીએ પ્રતિજ્ઞા કરી હતી કે હિંદુસ્તાનને સ્વરાજય નહીં મળે ત્યાં સુધી પોતે આશ્રમે પાછા ફરશે નહીં. પરંતુ ૧૫મી એપ્રિલ ૧૯૩૧ના રોજ સવારે મહાત્મા ગાંધીએ આશ્રમની મુલાકાત લીધી હતી. આ રીતે આશ્રમની મુલાકાત લેવાથી પોતે ગયા વર્ષે લીધેલી પ્રતિજ્ઞાનો ભંગ થાય છે કે નહીં? તેવો પ્રશ્ન એસોશિયેડેટ પ્રેસના પ્રતિનિધિએ ગાંધીજીને પૂછ્યો હતો.

એસોશિએટેડ પ્રેસના પ્રતિનિધિના આ સવાલનો જવાબ વાળતા ગાંધી કહે છે 'હમણાં હમણા હું રોજ ઈમામ સાહેબ, જેઓ બહુ માંદા છે તેમની અને બીજા દરદીઓની ખબર કાઢવા આશ્રમમાં જાઉં છું. આશ્રમમાં પાછા નહીં ફરવાની મારી પ્રતિજ્ઞાનો આથી કોઈ પણ પ્રકારે કે સ્વરુપે ભંગ થાય છે એવું કોઈ કહે તો તે તદ્દન ખોટું છે. સામાન્ય દરદીઓને જોવા માટે કે જે ધ્યેય માટે એ પ્રતિજ્ઞા લેવામાં આવી છે તે જ ધ્યેયને આગળ વધારવા માટે આશ્રમમાં જતાં તે મને કોઈ રીતે રોકતી નથી.'

આશ્રમમાં નહીં જવાની પ્રતિજ્ઞા સંદર્ભે પત્રકારને વિસ્તૃત સમજ આપતાં કહે છે, 'પ્રસ્તુત પ્રતિજ્ઞામાં એવું કશું નથી જેને કારણે હું અમદાવાદ આવું ત્યારે આશ્રમમાં ન રહી શકું. પણ હું જાણી બુજીને ત્યાં ઉતરતો નથી, કેમ કે જે વિશાળ જનસમુદાય મારી પ્રતિજ્ઞાનો પૂરો અર્થ સમજતો નથી કે તે સમજવાનો તેની પાસે સમય નથી તેના મનમાં હું કોઈ જાતનો ગૂંચવાડો ઊભો કરવા માગતો નથી. મારા ઘણા સાથીઓએ લીધેલી આ પ્રતિજ્ઞાને હું એક ગંભીર પ્રતિજ્ઞા માનું છું. તેથીઆ બાબતમાં હું જરુર કરતાં પણ વધારે સાવધ રહેવા માગતો હતો અને થોડા વખત માટે પણ આશ્રમમાં રહેતો ન હતો. પરંતુ દરદીઓને જોવા અને દિલાસો આપવા કે એવી જ કોઈ બાબત માટે હું નિર્દય બનીને આશ્રમમાં જવાની ના પાડું તો જે હેતુને માટે મેં તેને પ્રતિજ્ઞા લીધી હતી તે હેતુ જ મારે હાથે માર્યો જાય.'

જે સત્યાગ્રહીઓ ૧૯૩૦ની દાંડીકૂચમાં ગાંધીજી સાથે સામેલ હતા અને આ સત્યાગ્રહીઓ પણ ગાંધીજીની જેમ 'હિંદસ્તાનને સ્વરાજ નહીં મળે ત્યાં સુધી આશ્રમમાં પાછા ફરશે નહીં તેવી પ્રતિજ્ઞા સાથે જોડાયેલા હતા તેવા સ્વયં સેવકોને સાબરમતી આશ્રમમાં રહેવાની રજા પોતે આપી કે કેમ? એવા પત્રકારશ્રીના સવાલના જવાબમાં ગાંધીજી કહે છે : 'અમારા ધ્યેયને આગળ વધારવા માટે મારા કોઈ સહયાત્રીને આશ્રમમાં રાખવાનું મને આવશ્યક જણાય તો તેમના પર પ્રતિજ્ઞા ભંગનો આક્ષેપ આણ્યાં સિવાય એમને આશ્રમમાં રાખતા ખચકાઉં નહીં.'



ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

અણીશુદ્ધ આચરણ સત્યના જ સહારે સત્યાગ્રહ ખીલવનાર અને ખેલનાર ગાંધીજી સ્વરાજ મળે નહીં ત્યાં સુધી આશ્રમ પરત નહીં ફરેની પ્રતિજ્ઞા સંદર્ભમાં કરેલા ખુલાસા સામે વિદેશી પત્રકારે પણ કોઈ પ્રતિપ્રશ્નોની ઝડી વરસાવી ના હતી. જાહેર જીવનમાં ગાંધીના આચરણનો આ પ્રભાવ હતો એમ ચોક્કસ કહી શકાય.

સંદર્ભ : ગાંધીજીનો અક્ષરદેહ ભાગ-૪૫, નવજીવન પ્રકાશન મંદિર, પૃષ્ઠ : ૪૫૫

(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)

બયાને સાદગી સુનલો : ભલે ભૂપાલ ભગવત કી

ગોંડલ રાજ્યના લોકોને જાણકારી હતી કે તેમના રાજવી બે ઘોડાની બગીમાં નગરયાત્રાએ નીકળતા હતા. પોતાના શાસનકાળમાં આ રાજવીને મોટરકારોની કમી ન હતી. પરંતુ ખુલ્લી બગીમાંથી ખુલ્લી આંખે નગરની દરેક બાબતનું વિશેષ સ્પષ્ટ દર્શન થઈ શકે. બગીની ઝડપ પણ કારના પ્રમાણમાં ઓછી હોય તેથી જે બાબતો જુએ તેની સુરેખ છાપ મનમાં નોંધી શકાય તેવી પણ આ વિચક્ષણ રાજવીની માન્યતા હશે. આ સંદર્ભમાં નોંધાયેલી એક ઘટના શાસકની ન્યાયપ્રિયતા તથા કાનૂનની મર્યાદામાં રહીને વર્તન કરવાની રૂડી રીતભાતનો પરિચય આપે છે. જાહેર રસ્તાઓ પર થતા નાના મોટા અકસ્માતો એ રોજિંદી ઘટના છે પરંતુ ગોંડલ તથા ભગવતસિંહજીના સંદર્ભમાં નોંધાયેલી આ હકીકત વિશેષ છે. મહારાજાની બગી તેની સામાન્ય ઝડપે એક વળાંકવાળા રસ્તા પર જતી હતી. તે સમયેજ સામેથી આવતી એક ટ્રક મહારાજાની બગી સાથે અથડાઈ. ટ્રકની તાકાતને કારણે બગી ઊથલી પડી. બગી સાથે જોડવામાં આવેલા બન્ને ઘોડા પણ ઈજાગ્રસ્ત થયા. આ પ્રસંગે રાજવીએ પોતાની સ્વસ્થતા સહેજ પણ ગુમાવી નહિ. રાજવીના મુખ પર કે શબ્દોમાં પણ કોઈ ક્રોધની અભિવ્યક્તિ ન થઈ. રાજવી માટે બીજી બગીની વ્યવસ્થા તરતજ કરવામાં આવી. ભગવતસિંહજી તે બગીમાં બેસીને સ્વાભાવિક ક્રમમાંજ પોતાના કામના આગળના ક્રમમાં પરોવાયા. પરંતુ રાજ્યના તંત્રને આવી ઘટના કેવી રીતે ગળે ઉતરી શકે? મહારાજાની બગીને ટક્કર મારનાર ડ્રાઈવરે તો સજા ભોગવવીજ રહી તેવી તંત્રની માન્યતા સહજ હતી. ડ્રાઈવરને વિના વિલંબે પકડી લેવામાં આવ્યો. મહારાજા સમક્ષ બીજા દિવસે દરબારમાં તેને રજૂ કરવામાં આવ્યો. ડ્રાઈવર સ્વાભાવિક રીતેજ ડરના કારણે ધ્રૂજતો હતો. રાજવીએ નિર્ણય સંભળાવતાં કહ્યું : ''અકસ્માત થયો તેમાં દોષ ટ્રક ડ્રાઈવરનો નથી. તે તો રાઈટ સાઈડ પર જ હતો. અમારી બગી રોંગ સાઈડે હતી. તેને છોડી મૂકો.'' ગોંડલના નરેશનું આ વલણ તેમના વહીવટમાં ન્યાયપ્રિયતાના ઉચ્ચ ધોરણોનું જ્વલંત ઉદાહરણ આપે છે. શાસનમાં હોય તે લોકો જો કાયદાની વ્યવસ્થા મજબૂત તથા છીંડા વગરની બનાવવા માગતા હોય તો તેની શરૂઆત ઉપરથી થાય તે વિશેષ અસરકારક બને છે. આપણાં સ્વતંત્ર દેશમાં અને લોકશાહી વ્યવસ્થામાં આજે પણ 'વી.આઈ.પી. કલ્ચર' સતત નજરે ચડે છે ત્યારે ગોંડલની આ ઘટના એક અનોખા ગૌરવની પ્રતિતિ કરાવે તેવી છે.

સામાન્ય રીતે જનતા એવા શાસકો તરફ વિશેષ સ્નેહ તથા આદર ધરાવે છે કે જેઓના જીવનમાં સાદગી સ્પષ્ટ રીતે જોઈ શકાતી હોય. સાદગીભર્યા તથા કર્મઠ જીવનના એક આદર્શરૂપ રાજવી ભગવતસિંહજી (ગોંડલ) હતા. આવા શાસકોનું વર્તન પણ જ્યારે એક સામાન્ય તથા જાગૃત નાગરિક જેવું હોય ત્યારે તેમાં સોનામાં સુગંધ ભળ્યા જેવું લાગે છે. કાયદાના પાલનની ગંભીરતા જો સત્તાસ્થાને બેઠેલા લોકો સમજતા હોય અને તે મુજબ પોતાનો વ્યવહાર ગોઠવતા હોય તો તે પ્રદેશ કે રાજ્યમાં કાનૂનના પાલન અંગે એક માહોલ ઊભો થાય છે. આજે પણ વિશ્વના કેટલાક વિકસિત દેશો કે જ્યાં લોકશાહી વ્યવસ્થા દ્રઢ બનેલી છે અને સમાજ પોતાના હક્કો તેમજ ફરજો બાબત જાગૃત છે ત્યાં સુશાસનનો અનુભવ મહદ્દ અંશે થાય છે. ઉપર જે ઘટનાની વિગતો આપી છે તેમાં ગોંડલ નરેશની નમ્રતા તથા કાયદાના પાલનમાં કોઈ ભેદભાવ ન હોય તેવી મજબૂત વિચારધારાનું દર્શન થાય છે. કાયદાના પાલનમાં કૂશળ નેતૃત્વ તથા તેવોજ જાગૃત સમાજ મળીને સ્વરાજ્યનું પરિવર્તન સુરાજ્યમાં કરી શકે છે. મહારાજા ભગવતસિંહજીનું પાવક સ્મરણ ઓક્ટોબરમાં અનેક લોકોને વિશેષ થાય છે. કારણ કે આ દીર્ઘદ્રષ્ટા રાજવીનો જન્મ ૧૮૬૫ ની ૨૪મી ઓક્ટોબરે ધોરાજીમાં થયો હતો. પિતા સંગ્રામજી અભ્યાસુ તથા વીરને છાજે તેવા તમામ લક્ષણો ધરાવતા હતા. રાજવી ભગવતસિંહજીના માતા અખંડ આસ્થાની મૂર્તિ સમાન હતા. આથી ભગવતસિંહજીને વીરતા તથા સાધુતા વારસામાં મળ્યા હતા. ભગવતસિંહજી ચાર વર્ષના બાળક હતા ત્યારેજ પિતા મહારાજ સંગ્રામસિંહજીનું અવસાન થયું. અઢાર વર્ષના યુવાન ભગવતસિંહજીને ગોંડલ રાજ્યનો કારોબાર ૧૮૮૪ ના ઓગસ્ટ મહિનામાં સોંપવામાં આવ્યો. દેશ આઝાદ થયો તે પૂર્વે માર્ચ-૧૯૪૪ માં ભગવતસિંહજી અપાર કીર્તિને વરીને પરમધામમાં સીધાવ્યા. લગાતાર છ દાયકા સુધી એક વિશાળ જનમતની નિરંતર પ્રશંસા તથા સ્નેહાદર કોઈ શાસક મેળવી શકે તે ઈતિહાસમાં ભાગ્યેજ જોવા મળે તેવી ભાતીગળ ઘટના છે.

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

ગુજરાતીઓ ખરા અર્થમાં 'સાગરજાયા' છે. વિશ્વના અનેક દેશોમાં ગુજરાતીઓ દરીયો પાર કરીને ગયા છે. આજ રીતે ગુજરાતના અનેક રાજવીઓએ પણ વિદેશોના વ્યાપક પ્રવાસ કરેલા છે. મોટાભાગે રાજવી નબીરાઓએ પોતાની સંપત્તિના જોરે વિદેશોમાં જઈને મોજમજા કરી છે. ઉપરાંત પોતાના વ્યક્તિગત અહમને સંતોષ આપેલો છે. આ બાબતમાં પણ મહારાજ ભગવતસિંહજી અન્ય રાજવીઓથી અલગ તથા મુઠ્ઠી ઊંચેરા જણાય છે. ઠાકોર સાહેબના આવા વિદેશ પ્રવાસોનો લાભ ગોંડલના વિકાસને મળે તેવી તેમની ખેવના તથા અભ્યાસુ દ્રષ્ટિ હતી. પ્રજાની સુખસુવિધાઓ વધારવા માટે અને નવી વ્યવસ્થા ઊભી કરવા માટેના આ પ્રયાસો ગોંડલના વહીવટની ઉજળી બાજુનું દર્શન કરાવે છે. આથી રાજવીના વિદેશ પ્રવાસો થકી રાજ્યના નાણાંનો સહેજ પણ દુર્વ્યય ન થાય તેની કાળજી એ ભગવતસિંહજીના સ્વભાવમાં વણાયેલી બાબત હતી.

રાજ્યશાસ્ત્ર તેમજ કલ્યાણ રાજ્યના અભ્યાસુઓ માટે ભગવતસિંહજીનો રાજ્યકાળ હમેશા રસનો વિષય રહેશે તે નિઃશંક છે. સંવેદનશીલ, કરકસરયુક્ત તથા પ્રજા કલ્યાણને કેન્દ્રમાં રાખીને ઠાકોર સાહેબે વહીવટી માળખું ગોઠવ્યું હતું. મહારાજા ભગવતસિંહજીના આ ઉજળા શાસનકાળની સ્મૃતિ સદાકાળ પ્રેરણારૂપ બને તેવી સમૃધ્ધ તથા ઉજ્વળ છે. ભગવતસિંહજીના રાજ્ય સંબંધે પ્રજાની સાર્વત્રિક લાગણી નીચેના શબ્દોમાં વ્યક્ત થાય છે.

બયાને સાદગી સુનલો
ભલે ભૂપાલ ભગવત કી,
કે દેખા સાદી પદ્ધડી મેં
નિરાલા રંગ ગોંડલ કા.

સાહિત્ય પરિષદ ખાતે ચાર પુસ્તકોનું લોકાર્પણ

વૃત્ત સંચય

● અમદાવાદ બુક કલબ અને અસ્મિતાના ઉપક્રમે એકસાથે ચાર પુસ્તકોનું લોકાર્પણ, અમદાવાદમાં સાહિત્ય પરિષદ ખાતે થયું હતું. આ સમારંભમાં 'નૈનં છિદન્તિ શસ્ત્રાણી' - ડૉ. પ્રણવ ભારતીએ લખેલી નવલકથા; 'ચાંદ અભી ભી બહુત દૂર હૈ' - નીલમ કુલ શ્રેષ્ઠનો વાર્તાસંગ્રહ; 'રિલે રસ' - નીલમ કુલશ્રેષ્ઠનું સંપાદન જે કૌટુંબિક સંબંધો ઉપર આધારિત છે અને 'ગવાક્ષ' - ડૉ. પ્રણવ ભારતીના નવલકથાના પુસ્તકોનો સમાવેશ થયો હતો. આ સમારોહ સાહિત્યકાર રઘુવીર ચૌધરીના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. લેખિકાઓના મંચ 'અસ્મિતા', જેની સ્થાપના ૧૯૯૦માં થઈ હતી, જેના ૨૫ વર્ષ પૂર્ણાહૂતિના પ્રસંગે આ કાર્યક્રમ યોજાયો હતો.

● મૂલ્યનિષ્ઠ ગુજરાતી નવલકથાકાર - નાટ્યકાર ચુનીલાલ મડિયાના ૯૫માં જન્મદિન નિમિત્તે અમદાવાદમાં ગુજરાતી સાહિત્ય પરિષદ ખાતે 'મડિયા રાજાનો સાહિત્યલોક' કાર્યક્રમ યોજાઈ ગયો, જેમાં 'ચુનીલાલ મડિયાની નવલકથાઓ' વિશે તેઓના પુત્ર અમિતાભ મડિયાએ અને 'મડિયાની વાર્તાકલા' વિશે કિરીટ દૂધાતે વ્યાખ્યાનો આપ્યા હતા. આ પ્રસંગે અજયસંહ ચૌહાણ અને શૈલેષ ટેલાણી દ્વારા મડિયાની નાટ્યકલા વિષે પણ વ્યાખ્યાનો યોજાયા હતા.

● ઈન્ડિયન નેશનલ થિયેટર, મુંબઈ અને આદિત્ય બીરલા સેન્ટર ઑફ પરફોર્મિંગ આર્ટ્સ એન્ડ રિસર્ચ, મુંબઈ દ્વારા; સુરતના જાણીતા કવી રઈશ મણિયારનો કલાપી એવોર્ડ' અને ગઝલકાર ભાવિન ગોપાણી 'શયદા પુરસ્કાર' એનાયત કરવામાં આવ્યા.

● શિશુવિહાર, ભાવનગરના ઉપક્રમે એક કાવ્ય લેખન તાલીમ શિબિર યોજાઈ ગઈ. જેમાં, સાહિત્ય ગૌરવ પુરસ્કારથી સન્માનિત કવિ વિનોદ જોશીએ કાવ્યસર્જન વિશે વાત કરતાં, કાવ્યનાં વિવિધ પાસાંઓ વિશે વિગતે વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, ગઝલમાં રફીકા-કાફિયા, મત્લા-મક્તા અને સાની-ઉલા મિસરા વિશે સમજ હોવી જોઈએ. અછાંદસ કવિતાની પણ એક આંતરિક શિસ્ત હોય છે. જો માણસમાં રહેલું જીવંત રહે તો જ કવિતા જન્મતી હોય છે.

● નર્મદ સાહિત્ય સભા, સુરત, ગુજરાતી સાહિત્ય પરિષદ અને સાહિત્ય સંગમ, સુરતના સંયુક્ત ઉપક્રમે દિલીપ ઘાસવાલાના સહયોગથી ૨૫ ગઝલોના આસ્વાદનું આઠ દિવસીય ગઝલ પર્વ યોજાઈ ગયું; જેમાં પ્રથમ દિવસે ભગવતીકુમાર શર્માના આશીર્વચનથી આરંભ થયા પછી નયન દેસાઈએ 'ગઝલના મિજાજ' વિશે વકતવ્ય આપ્યું હતું. ડૉ. ઓઝાએ આજની ગઝલોમાં સામાજિક સંદર્ભ વિશે આ પછી વિવિધ ગઝલકારોની ગઝલોના આસ્વાદ ગૌરાંગ ઠાકર, ગુણવંત ઠક્કર, જસવંત નાયક, યામિની વ્યાસ અને રેખા ભટ્ટે કરાવ્યો હતો. આ આસ્વાદ કાર્યક્રમનું સંચાલન જનક નાયકે કર્યું હતું.

● ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર પ્રેરિત ગૌરવ પુરસ્કાર વ્યાખ્યાનમાળા અંતર્ગત; અકાદમીના ગૌરવ પુરસ્કારથી સન્માનિત કવિ - કલાકાર કસબી માધવ રામાનુજે 'મારી સર્જનયાત્રા' વિશે પોતાની કૅફિયત રજૂ કરતાં, તેમની સર્જન ક્ષણોની સ્મરણયાત્રા આલેખી હતી.

નર્મદ સાહિત્ય સભા, સુરત અને ગુજરાતી સાહિત્ય પરિષદના સંયુક્ત ઉપક્રમે ગઝલકાર 'મરીઝ'ની જન્મશતાબ્દિ નિમિત્તે મરીઝની ગઝલોની પંક્તિઓ પર આધારિત તરહી મુશાયરો યોજાઈ ગયો; જેમાં રવીન્દ્ર પારેખ, દિલીપ મોદી, ડૉ. પ્રફુલ્લ દેસાઈ, સુશ્રી પ્રજ્ઞા વશી, વિવેક ટેલર, સુનીલ શાહ, યામિની વ્યાસ, હરીશ ઠક્કર, યુસુફ એમ ગુજરાતી અને બહારગામના અન્ય ગઝલકારોએ ભાગ લીધો હતો.

સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

● ગુજરાત સાહિત્ય અકાદમીના ઉપક્રમે આ વર્ષનું સાતમું કાવ્યસત્ર ગાંધીનગર ખાતે આંબેડકર હોલમાં તા.૨૬-૯-૨૦૧૬ના રોજ યોજાઈ ગયું. નવી પેઢી અને જૂની પેઢીને એક સાથે જોડવાની આ ઉમદા કામગીરીના કવિ-સંમેલનમાં ધૂની માંડલિયા, હરદ્વાર ગોસ્વામી, મુકેશ જોશી, રક્ષા શુક્લ, કનૈયાલાલ ભટ્ટ, રમેશ ઠક્કર, અર્ચના ભટ્ટે પોતાની બળકટ કૃતિઓનું પઠન કરીને કાવ્ય રસિક પ્રેક્ષકોને રાજી કર્યા હતા. દરિયા પારના દેશથી આવેલા નોખા નભના શબ્દપંખી એવા જનક દેસાઈ તથા પ્રાર્થના જહાએ પોતાના આગવા મિજાજની ઓળખ આપી હતી. આ કાર્યક્રમનું સંચાલન કરી રહેલા જાણીતા પત્રકાર કૃષ્ણકાન્ત ઉનડકટે કાર્યક્રમનું સંચાલન સુશ્રાવ્ય શૈલીમાં કરીને શ્રોતાઓને રસતરબોળ કર્યા હતા તેમજ શ્રોતાઓ તરીકે ઉપસ્થિત રહેલા કવિ કિશોર જીકાદરા અને ભાગ્યેશ જહાએ પણ લોકલાગણીને માન આપીને તેમનાં કાવ્યો રજૂ કર્યા હતા. પ્રારંભમાં સર્વ કવિઓનું શબ્દોથી અને પુસ્તકથી સ્વાગત અકાદમીના મહાપાત્ર મનોઝ ઓઝાએ અને આભારવિધિ ડૉ. કિરીટ શુક્લે કરી હતી.

સંસ્કૃત અને પ્રાશ્યવિદ્યાક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન દ્વારા વિદ્વાનોમાં 'મહામનીષિ' કહેવાતા પ્રો. ડૉ. રાજેન્દ્ર નાણાવટીનું વડોદરા ખાતે અવસાન થયું છે. મુંબઈમાં અભ્યાસ બાદ સુચીમાં અધ્યાપક તરીકેની કારકિર્દીનો આરંભ કરી, ૧૯૮૨થી વડોદરા મ.સ. યુનિ.માં વિભાગીય અધ્યક્ષ તરીકે નિવૃત્ત થયા હતા. 'રામાયણ - મહાભારતમાં ઉપાખ્યાનો' વિશેનો તેમનો મહાનિબંધ પુરસ્કૃત થયો હતો. 'ગાથા સતસઈ'નો છંદોબદ્ધ અનુવાદ, 'મરીચિકા'નામે આધુનિક સંસ્કૃત કાવ્ય સંગ્રહ અને અન્ય ઘણા ગ્રંથો લખ્યા હતા. સંસ્કૃતના વિદ્વાનોમાં 'શાસ્ત્ર ચુડામણિ' જેવો પ્રતિષ્ઠિત ગણાતો એવોર્ડ તેમને મળ્યો હતો. ગુજરાત સંસ્કૃત સાહિત્ય અકાદમી દ્વારા 'ગૌરવ પુરસ્કાર', 'મોરારિ બાપુ પ્રેરિત' 'વાચસ્પતિ પુરસ્કાર' અને રાષ્ટ્રપતિ દ્વારા તેમનું સન્માન થયું હતું. સંસ્કૃત સાહિત્ય સંશોધન, હસ્તપ્રત વિજ્ઞાન જેવા ક્ષેત્રોમાં શૂન્યાવકાશ ઊભો થયો છે. સ્વર્ગસ